ફરજ સારા માર્ગે દોરી જાય છે, પરંતુ લગન તે માર્ગને સુંદર બનાવે છે
- જર્મન કહેવત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૭૫ | ૧૬ ડિસેમ્બર, ૨૦૧૩, સોમવાર; માગશર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ગાંધીનગરમાં સતત ત્રીજા દિવસે શીતલહેર : પારો ૯.૪

### રાજ્યમાં સૌથી વધુ ઠંડુ શહેર ગાંધીનગર : ભેજનું પ્રમાણ ઉંચું રહેતા ઠંડીનો અનુભવ વધુ થાય છે : તીવ્ર ઠંડીની જનજીવન પર વ્યાપક અસર

ગાંધીનગર, તા.૧૫

સૂર્યાસ્ત થતા જ ધીમી ગતિએ વાતા ઠંડા પવનોના કારણે ઠંડી વધે છે. અને મોડી રાત્રે તાપમાન એકદમ ગગડી જાય છે. સતત ત્રીજા દિવસે ૯.૪ ડિગ્રી સાથે ગાંધીનગર ઠંડુગાર બની ગયું હતું.

ડીસા અને નલીયાને પછાડી ગાંધીનગર સૌથી વધુ ઠંડા શહેરોની યાદીમાં પ્રથમ ક્રમે આવી ગયું છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી શહેરમાં ખુબ વધુ ઠંડી અનુભવાઈ રહી છે. રાજયના અન્ય શહેરી વિસ્તારો કરતા પાટનગરમાં લઘુત્તમ તાપમાન ખુબ નીચું રહે છે. દિવસે તો તડકો રહેતા ઠંડીનો અનુભવ ઓછો થાય છે. પરંતુ સૂર્યાસ્ત થતા જ આકરી ઠંડી શરુ થઈ જાય છે. વાતાવરણમાં આવેલો ફેરફાર જનજીવન પર પણ વ્યાપક અસર કરે છે. છેલ્લા કેટલાક દિવસોથી આ જ પરિસ્થિતિ જોવા મળી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજયમાં ફુંકાતા સૂકા ઠંડા પવનોના કારણે છેલ્લા ચાર દિવસમાં લઘુત્તમ તાપમાન ગગડયું છે. જેના કારણે લોકોને ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવાની જરૂરિયાત ઉભી થઈ છે. રવિવારે ગાંધીનગરમાં સિઝનનું સૌથી ઓછું ૯.૪ ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. ઠંડી અને રજાના દિવસના કારણે શહેરમાં વહેલી સવારે વાહનોની અવરજવર સાવ નહિવત રહી હતી. જો કે વહેલી સવારે જોગીંગ અને રનીંગ કરવાવાળાઓની સંખ્યા નોંધપાત્ર રહી હતી. સાંજે પણ ઠંડા પવનોનું જોર વધતા માર્ગો સુમસામ થઈ ગયા હતા. યુવાનોએ ઠેર ઠેર તાપણાં સળગાવી ઠંડીની મોસમને ખરા અર્થમાં માણી હતી. ગરમ વસ્ત્રોની ખરીદીમાં પણ એકાએક તેજી આવી ગઈ છે. આગામી ચાર દિવસમાં ઠંડીનો પારો હજુ એકાદ ડિગ્રી વધુ ગગડવાની શકયતા હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે.

## વાહ ગાંધીનગર, શાબાશ ગાંધીનગર



(તસવીર : દિપક જાની)

## સ્વર્ણિમ પાર્કનો માર્ગ દોડવીરોથી ઉભરાયો

### ગાંધીનગરમાં ૩૦ હજાર અને જિલ્લામાં ૬૦,૨૪૪ દોડવીરોએ રન ફોર યુનિટીમાં ભાગ લઈ વિક્રમ રચ્યો

### દોડમાં અધિકારીઓ પણ જોડાયા : ૧૭ હજારથી વધુ મહિલાઓએ પણ દોડનો હિસ્સો બની ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૫

ભારતના લોહપુરૂષ સરદાર પટેલના નિર્વાણદિને તેમનો શ્રદ્ધાંજલિ અર્પવા યોજાયેલ "રન ફોર યુનિટી" કાર્યક્રમમાં આજે ગાંધીનગર સ્વર્ણિમ પાર્કના માર્ગો દોડવીરોથી ઉભરાયા હતા.

આજે યોજાયેલ રન ફોર યુનિટીના કાર્યક્રમમાં ગાંધીનગર શહેરમાં ૩૦,૧૨૪ દોડવીરોએ તો જિલ્લાના ત્રણ મુખ્ય શહેરો કલોલ, દહેગામ અને માણસામાં મળી ૩૦ હજારથી વધુ દોડવીરોએ ભાગ લીધો હતો. જિલ્લા તંત્રએ આ કાર્યક્રમાં જિલ્લામાં ૬૦,૨૪૪ દોડવીરોએ ભાગ લીધાનો દાવો કર્યો છે.

આજની આ ૨ કિ.મી.ની દોડમાં ૪૨,૮૦૮ પુરૂષ અને ૧૭,૪૩૬ મહિલાઓ જોડાઈ હતી. ગાંધીનગર શહેરમાં ૨૨,૬૬૪ પુરૂષ અને ૭૨૬૦ મહિલાઓએ દોડ લગાવી હતી. વંદેમાતરમ્... ભારત માતા કી જય ના નારા સાથે આ દોડનો આરંભ ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર અને ખાદી બોર્ડના ચેરમેનશ્રી વાડીભાઈ પટેલે ઝંડી દર્શાવી કરાવ્યો હતો.

વહેલી સવારથી જ આ દોડમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓ, વાલીઓ, સ્વૈચ્છીક સંસ્થાઓના પ્રતિનિધિઓ, સિનિયર સિટીઝન્સ, કર્મચારીઓ અને અધિકારીઓ વિધાનસભા સામેના મેદાન ખાતે એકત્ર થયા હતા. આ દોડ માટે સ્પોટ રજીસ્ટ્રેશન માટે ઉભા કરાયેલા કાઉન્ટરો પર એક હજાર જેટલા દોડવીરોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

દોડવીરોને દોડમાં હિસ્સો લેવા માટે અપાયેલી કેપને લેવામાટે એક તબક્કે ઝપાઝપીના દૃશ્યો સર્જાયા હતા, પરંતુ તંત્રની સમયસરની દરમ્યાનગીરીથી મામલો થાળે પડી ગયો હતો. આવી જ અવ્યવસ્થા એક તબક્કે દોડ પુરી કરી પરત ફરતા દોડવીરોને રિફ્રેશમેન્ટ માટે અપાતા બિસ્કીટ અને ફ્રુટીના વિતરણ દરમ્યાન થઈ હતી પરંતુ તંત્રએ આખી બાજી સંભાળી લીધી હતી.

આજની આ દોડમાં સામેલ થવા તેમજ દોડવીરોને પ્રોત્સાહિત કરવા માટે સરકારના ઉચ્ચ સનદી અધિકારીઓ પણ મોટી સંખ્યામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

### ભાજપના કાઉન્સીલરો અને હોદ્દેદારોની પાંખી હાજરી

ગાંધીનગર, તા.૧૫

આજે યોજાયેલી રન ફોર યુનિટીના કાર્યક્રમમાં ભાજપના કાઉસીલરો અને સંગઠ્ઠનના હોદ્દેદારોની ગણી ગાંઠી હાજરીએ લોક જીભે ચર્ચાનું સ્થાન લીધું હતું.

મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી આશિષ દવે, ડે. મેયર શ્રી સુભાષ પાંડવ, કાઉન્સીલર શ્રી કાર્તિક પટેલે દોડમાં ભાગ લીધો હતો. જયારે મહિલા કાઉન્સીલરો જાગૃતિબેન પુરોહિત, હંસાબેન મોદી, પરાગી પંડયા કાર્યક્રમના સ્થળે આવ્યા હતા અને થોડુંક દોડી બહાર નીકળી ગયા હતા.

ભાજપ સંગઠ્ઠનમાંથી મુખ્ય હોદ્દેદારોની પણ ૫૦ ટકા જેટલી જ હાજરી જોવા મળી હતી. ગાંધીનગરના બંને ધારાસભ્યોશ્રી શંભુજી ઠાકોર તથા શ્રી અશોકભાઈ પટેલ પણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં.

### અધિકારીઓ પરિવારની દિકરીઓ સાથે દોડયા...

#### કલેકટર, કમિશનર, એસ.પી. અને પ્રભારી સચિવે દોડનું પુરેપુરૂ અંતર કાપ્યું; બે ત્રણ અધિકારી અધવચ્ચે અટવાયા

ગાંધીનગર, તા.૧૫

આજે યોજાયેલ રન ફોર યુનિટીના કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રી સ્વરૂપ, પોલીસ અધિક્ષકશ્રી સિંઘલ, મ્યુનિ. કમિશનરશ્રી પાડલિયા, સનદી અધિકારીશ્રી ટી. નટરાજન, શ્રી એ.કે. રાકેશ, સંજયપ્રસાદ અને શ્રી અશ્વિનીકુમારે દોડનું અંતર ૨ કિ.મી. સંપૂર્ણ દોડી સંપન્ન કર્યું હતું.

જયારે સનદી અધિકારીઓશ્રી હૈદર, શ્રી અલોરિયા અડધા જેટલું અંતર કાપી બહાર નીકળી ગયા હતા. જિલ્લા મેલેરિયા અધિકારી મમતાબેન દત્તાણી, જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી કે.કે. પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકી, આર.સી.એચ.ઓ. શ્રી આર.વી. પંડયા, નાયબ કલેકટર શ્રી ચાવડા, શ્રી મકવાણા સહિતના અધિકારીઓ પણ દોડયા હતા.

આ દોડમાં દોડવીરોને પ્રોત્સાહિત કરવા માટે મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી જી.સી. મુર્મુ, સુશ્રી અંજુ શર્મા, સુ.શ્રી મોના ખંધાર, શ્રી કાપડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે દોડવીરોન બિરદાવ્યા પણ હતાં.

● અનુસંધાન પાન-૭ પર

સમદર્શન આશ્રમ આયોજીત
શ્રીમદ્ ભાગવત સપ્તાહ



પ્રવક્તા : પૂજ્ય ગુરૂમા સમાનંદજી
તારીખ : ૨૧ થી ૨૭ ડિસેમ્બર, ૨૦૧૩
સવારે : ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક
સાંજે : ૩.૦૦ થી ૬.૦૦ કલાક
આપને ભાવભર્યું નિમંત્રણ છે, જરૂર પધારજો.
સ્થળ : સમદર્શન આશ્રમ, સેકટર-૧, ગાંધીનગર.




